# પાકિસ્તાનને ચેમ્પિયન્સ ટ્રોફીના આયોજનથી રૂ. 869 કરોડનું નુકસાન : PCB કસર ખેલાડીઓ પર કાઢશે

**પાકિસ્તાની** ઇન્ટરનેશનલ ખેલાડીઓને હવે 5-સ્ટાર હોટેલ્સને બદલે ઇકોનોમી હોટલ મળશે અને મેચ ફીમાં પણ કપાત : અહેવાલ

**સ્થાનિક** ટી-20 ચેમ્પિયનશિપમાં ખેલાડીઓની ફીમાં કપાત કર્યા પછી મોહસીન નકવીની દરમિયાનગીરીથી તે નિર્ણય મુલતવી રહ્યો



ઈસ્લામાબાદ, તા. 17 : એકતરફ પાકિસ્તાન ક્રિકેટ પહેલાથી જ ખાડે ગયેલું છે અને તેની રાષ્ટ્રીય ટીમ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સકારાત્મક પરિણામો મેળવવા માટે સંઘર્ષ કરી રહી હતી, તેમાં હવે આઇસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજનથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) પણ નુકસાનીના ખાડામાં ઉતરી ગયું છે. પીસીબીએ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરીને 85 મિલિયન ડોલર અર્થાત લગભગ રૂ. 869 કરોડનું આશ્ચર્યજનક નુકસાન કર્યું હોવાનું કહેવાય છે અને તેની કસર હવે ખેલાડીઓ પર કાઢવામાં આવી રહી છે.

એક અંગ્રેજી દૈનિકના અહેવાલ અનુસાર પાકિસ્તાને ચેમ્પિયન્સ ટ્રોફીની મેચોના ત્રણ આયોજન સ્થળો રાવલપિંડી, લાહોર અને કરાચીને અપગ્રેડ કરવા માટે લગભગ 18 અબજ રૂપિયા અર્થાત અંદાજે ૫૮ મિલિયન ડોલર ખર્ચ કર્યા હતા. હવે અપગ્રેડેશનનો ખર્ચ અપેક્ષિત બજેટ કરતા ૫૦ ટકા વધુ હોવાનું બહાર આવ્યું છે. પાછળથી, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પણ ઈવેન્ટની તૈયારીઓ પર 40 મિલિયન ડોલર ખર્ચ કર્યો હોવાના અહેવાલ છે. જેની સામે તેમની કમાણી નહીંવત જેવી રહી હતી. પીસીબીને હોસ્ટિંગ ફીના ભાગ રૂપે ફક્ત 6 મિલિયન ડોલર મળ્યા હોવાનું કહેવાય છે. ટિકિટ વેચાણ અને સ્પોન્સરશિપની વાત આવે તો તેમાં પણ કમાણી નજીવી હતી.

રિપોર્ટમાં એવું તારણ કાઢવામાં આવ્યું છે કે આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવાથી પીસીબીને લગભગ 85 મિલિયન ડોલરનું નુકસાન થયું છે. આવા નુકસાનની અસર બોર્ડની કેટલીક અનુગામી યોજનાઓ પર જોવા મળી હતી. મેનેજમેન્ટે રાષ્ટ્રીય ટી-20 ચેમ્પિયનશિપ માટે મેચ ફીમાં 90 ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો હતો જ્યારે રિઝર્વ ખેલાડીઓની ચૂકવણીમાં 87.5 ટકાનો ઘટાડો કર્યો હતો. જો કે પછીથી પીસીબીના ચેરમેન મોહસીન નકવીએ દરમિયાનગીરી કરીને આ નિર્ણયને ફગાવી દઈને બોર્ડના સ્થાનિક ક્રિકેટ વિભાગને આ બાબતનું પુનર્મૂલ્યાંકન કરવાનો નિર્દેશ આપ્યો હતો. ઈન્ટરનેશનલ ખેલાડીઓને જો કે તેમાં રાહત મળી નથી અને તેમના ઈન્ટરનેશનલ ક્રિકેટ રમતા ખેલાડીઓ માટે 5-સ્ટાર હોટલ્સની જગ્યાઓ પણ ઈકોનોમી હોટલો રાખવાનો નિર્ણય લેવાયો હતો અને તેમની મેચ ફીમાં પણ કપાત કરાયો હોવાના અહેવાલ મળ્યા છે.



## દિલ્હી કેપિટલ્સે ફાફ ડુ પ્લેસિને વાઇસ કેપ્ટન બનાવ્યો

નવી દિલ્હી, તા. 17 (પીટીઆઇ) : 22 માર્ચથી શરૂ થનારી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) પહેલા દિલ્હી કેપિટલ્સે આજે સોમવારે દક્ષિણ આફ્રિકાના અનુભવી બેટ્સમેન ફાફ ડુ પ્લેસિને વાઈસ કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો હતો. દિલ્હી ટીમે આ પહેલા શુક્રવારે ભારતીય ઓલરાઉન્ડર અક્ષર પટેલને કેપ્ટન તરીકે નિયુક્ત કર્યો હતો. ડુ પ્લેસિસે ફ્રેન્ચાઇઝ દ્વારા અહીં જાહેર કરાયેલા એક વીડિયોમાં કહ્યું હતું કે હું ખૂબ જ ઉત્સાહિત છું. દિલ્હી પાસે એક શાનદાર ટીમ છે અને ખેલાડીઓ ખૂબ સારા છે. અલબત્ત, હું ખુશ છું અને તૈયાર છું. 40 વર્ષીય ખેલાડીએ આઈપીએલની છેલ્લી ત્રણ સીઝનમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનું નેતૃત્વ કર્યું હતું. ગયા વર્ષે મેગા ઓક્શન પહેલા બેંગલુરુ ટીમે તેને રિટેન કર્યો નહોતો. દિલ્હીની ટીમે ઓક્શનમાં ડુ પ્લેસિસને 2 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

# IPLની ઓપનિંગ સેરેમનીમાં બોલિવૂડ સ્ટાર્સ અને સિંગર્સ ઉત્સાહનો જુવાળ લાવશે

**વરુણ** ધવન, શ્રદ્ધા કપૂર, દિશા પટનીની સાથે જ શ્રેયા ઘોષાલ, અરિજિત સિંહ અને કરણ ઔજલા પરફોર્મ કરશે



કોલકાતા, તા. 17 : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) 2025ની આગામી શનિવાર 22 એપ્રિલથી શરૂઆત થઈ રહી છે. અહીંના ઇડન ગાર્ડન પર પહેલી મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે રમાશે. જો કે 7.30 વાગ્યેથી શરૂ થનારી મેચ પહેલા સાંજે 6.00 વાગ્યે ઇડન ગાર્ડન્સ ખાતે સ્ટાર્સથી ભરપૂર ઓપનિંગ સેરેમનીનું આયોજન કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ આ સમારોહમાં વરુણ ધવન, શ્રદ્ધા કપૂર અને દિશા પટની જેવા બોલિવૂડ સ્ટાર્સ તેમના હિટ ગીતો પર પરફોર્મ કરશે. શ્રદ્ધા અને વરુણની અદ્દભૂત કેમેસ્ટ્રી અને દમદાર ડાન્સ મૂવ્સ દર્શકો માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર રહેશે. જ્યારે શ્રેયા ઘોષાલ, અરિજિત સિંહ અને કરણ ઔજલા પણ તેમાં પોતાના ગીતો ગાશે. આ ઉપરાંત બોલિવૂડના કેટલાક અન્ય મોટા સ્ટાર્સ આ સમારોહમાં ભાગ લેવાના હોવાનું કહેવાય છે. ટોસના લગભગ એક કલાક પહેલા ઓપનીંગ સેરેમની શરૂ થશે અને ટોસ સાત વાગ્યે થશે.

# ઇન્ટરનેશનલ ક્રિકેટમાં મેથ્યુ બ્રાઉનલીએ 62 વર્ષની વયે ડેબ્યુ કરી નવો રેકોર્ડ બનાવ્યો

**ફોકલેન્ડ** ટાપુ વતી 62 વર્ષની વયે ડેબ્યુ કરનાર મેથ્યુ બ્રાઉનલીએ 59 વર્ષની વયે ટી-20 ડેબ્યુ કરનાર ઓસ્માન ગોકરનો રેકોર્ડ તોડ્યો

**મેથ્યુ** બ્રાઉનલી 60 વર્ષની વય પાર કર્યા પછી ઇન્ટરનેશનલ ક્રિકેટ રમનારો વિશ્વનો પ્રથમ ખેલાડી બન્યો



નવી દિલ્હી, તા. 17 : ઇન્ટરનેશનલ ક્રિકેટમાં બહુ ઓછા ખેલાડીઓ એવા હશે જે 40 વર્ષની ઉંમર પછી પણ રમ્યા હોય. 40 વર્ષની ઉંમરે પહોંચે ત્યાં સુધીમાં ખેલાડીઓ નિવૃત્તિની જાહેરાત કરી દે છે. આ દરમિયાન, ફોકલેન્ડ ટાપુ વતી મેથ્યુ બ્રાઉનલીએ 62 વર્ષની વયે ઇન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યુ કરીને એક મોટો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો છે.

ફોકલેન્ડ ટાપુઓ અને કોસ્ટા રિકા વચ્ચે રમાયેલી આંતરરાષ્ટ્રીય મેચમાં બ્રાઉનલીએ ડેબ્યુ કર્યું હતું. વિઝડન અનુસાર, આ મેચ 10 માર્ચ 2025ના રોજ ગુવાસીમા ખાતે રમાઈ હતી. આ ફોકલેન્ડ આઇલેન્ડની પહેલી મેચ હતી. આ મેચમાં 62 વર્ષના મેથ્યુ બ્રાઉનલીએ પણ ડેબ્યૂ કરીને સૌથી મોટી વયે ઇન્ટરનેશનલ ડેબ્યૂ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. તેણે ઓસ્માન ગોકરનો રેકોર્ડ તોડ્યો. ગોકરે 2019માં 59 વર્ષની ઉંમરે ઇલ્ફોવ કાઉન્ટી માટે ઇન્ટરનેશનલ ટી-20 ડેબ્યૂ કર્યું હતું. બ્રાઉનલી 60 વર્ષની ઉંમર પાર કર્યા પછી ઇન્ટરનેશનલ ક્રિકેટ રમનાર પ્રથમ ખેલાડી પણ બન્યો હતો. મેથ્યુ બ્રાઉનલીએ આ પ્રવાસમાં કુલ 3 ટી-20 મેચ રમી હતી. આ સમયગાળા દરમિયાન, 10મા નંબર પર બેટિંગ કરતા, તેણે પહેલી મેચમાં એક રન, બીજી મેચમાં બે રન નોટઆઉટ અને ત્રીજી મેચમાં ત્રણ રનની નોટઆઉટ ઇનિંગ રમી હતી. આ ઉપરાંત તેણે એક ઓવર પણ ફેંકી. પરંતુ તે વિકેટ મેળવી શક્યો નહોતો.

## KKRએ ઉમરાન મલિકના સ્થાને ચેતન સાકરિયાને સામેલ કર્યો

કોલકાતા, તા. 17 : કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)એ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી સિઝન માટે ઝડપી બોલર ઉમરાન મલિકના સ્થાને ચેતન સાકરિયાનો સમાવેશ કર્યો છે. મલિક ઈજાને કારણે સિઝનમાંથી બહાર થઇ ગયો છે. સાકરિયાએ એક વન ડે અને બે ટી-20 ઈન્ટરનેશનલ મેચોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને 19 આઈપીએલ મેચ રમીને તેમાં કુલ મળીને 20 વિકેટ લીધી છે. ડાબોડી મધ્યમ ઝડપી બોલર સાકરિયા 75 લાખ રૂપિયામાં કેકેઆર સાથે જોડાયો હતો.

# અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર ઓમરઝઈ વ્યક્તિગત કારણોસર થોડા વિલંબથી પંજાબ કિંગ્સમાં જોડાશે

**સીએસકેમાં** નાથન એલિસ હજુ જોડાયો નથી જ્યારે ગુજરાત ટાઇટન્સમાં ગ્લેન ફિલિપ્સ આજે આવી પહોંચશે

નવી દિલ્હી, તા. 17 : 22 માર્ચથી શરૂ થઈ રહેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએસ)માં અફઘાનિસ્તાનનો ઓલરાઉન્ડર અઝમતુલ્લાહ ઓમરઝઈ વ્યક્તિગત કારણોસર તેની ટીમ પંજાબ કિંગ્સ સાથે મોડેથી જોડાશે. પંજાબ કિંગ્સના વિદેશી ખેલાડીઓ સોમવારથી આવી રહ્યા છે પરંતુ આઈસીસી વન ડે પ્લેયર ઓફ ધ યર ઓમરઝઈ 20 મેના રોજ જ ટીમમાં જોડાઈ શકશે. પંજાબ કિંગ્સ 25 માર્ચે અમદાવાદમાં ગુજરાત ટાઈટન્સ સામે સિઝનની પોતાની પહેલી મેચ રમશે. આઈપીએલના એક સૂત્રએ જણાવ્યું હતું કે, ઓમરઝઈના ઘરમાં કંઈક સમસ્યા છે. તે 20 મે સુધી ભારતમાં રહેશે. ટીમના અન્ય વિદેશી ખેલાડીઓ આજથી આવવા લાગ્યા છે. દરમિયાન, ચેન્નાઈ સુપર કિંગ્સના સીઈઓ કાસી વિશ્વનાથને સોમવારે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર નાથન એલિસ એકમાત્ર વિદેશી ખેલાડી છે જે હજુ સુધી ટીમમાં જોડાયો નથી. તેમણે કહ્યું હતું કે રચિન રવિન્દ્ર અને ડેવોન કોનવે સહિત દરેક વ્યક્તિ અહીં પહોંચી ગયા છે. નાથન ટૂંક સમયમાં ટીમમાં જોડાશે. ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન શુભમન ગિલ રવિવારે રાત્રે ટીમમાં જોડાયો હતો જ્યારે ન્યુઝીલેન્ડનો બેટ્સમેન ગ્લેન ફિલિપ્સના આવવાની રાહ જોવાઈ રહી છે. ગ્લેન આવતીકાલ સુધીમાં ટીમમાં જોડાશે એવું એક સૂત્રએ જણાવ્યું હતું.

## બાંગ્લાદેશ મે મહિનામાં પાકિસ્તાનનો પ્રવાસ કરશે

કરાચી, તા. 17 : બાંગ્લાદેશ ક્રિકેટ ટીમ મે મહિનામાં વ્હાઈટ બોલ સીરિઝ માટે પાકિસ્તાનનો પ્રવાસ કરશે જેમાં ત્રણ વનડે અને ત્રણ ટી-20 મેચ રમાશે. આ સીરિઝ 11 એપ્રિલથી 18 મે દરમિયાન રમાનારી પાકિસ્તાન સુપર લીગની દસમી સીઝન પછી રમાશે. આ સીરિઝ ફ્યુચર ટુર્સ પ્રોગ્રામનો ભાગ નહોતી પરંતુ બંને ટીમોની પ્રતિબદ્ધતાને કારણે તેને મુલતવી રાખવામાં આવી હતી. ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના પ્રમુખ ફારૂક અહેમદની પાકિસ્તાન મુલાકાત દરમિયાન મે મહિનામાં બંને બોર્ડ સીરિઝ યોજવા સંમત થયા હતા.

